શ્રીમદ્ભગવદ્ગીતા–પુરુષોત્તમયોગ

(પંદરમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા શ્રીવલ્લભજી કૃત ‘તત્ત્વદીપિકા’ના આધારે અન્વય તથા સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦ ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭

શ્રીમદ્ ભગવદ્ ગીતા–પુરુષોત્તમયોગ
(પંદરમો અધ્યાય)

અથ પંચદશોઽધ્યાયઃ

શ્રીભગવાન ઉવાચ

ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥ ૧ ॥

અધશ્ચોર્ધ્વ પ્રસૃતાસ્તસ્ય શાખા
ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।
અધશ્ચ મૂલાન્યનુસંતતાનિ
કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥ ૨ ॥

ન રૂપમસ્યેહ તથોપલભ્યતે
નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલ–
મસઙ્ગશસ્ત્રેણ દઢેન છિત્ત્વા ॥ ૩ ॥

તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં
યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે
યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥ ૪ ॥

નિર્માનમોહા જિતસઙ્ગદોષા
અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈ –
ર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥ ૫ ॥

ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥ ૬ ॥

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥ ૭ ॥

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥ ૮ ॥

શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥ ૯ ॥

ઉત્ક્રામન્તં સ્થિતં વાઽપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥ ૧૦ ॥

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥ ૧૧ ॥

યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥ ૧૨ ॥

ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધિઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥ ૧૩ ॥

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥ ૧૪ ॥

સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો
મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥ ૧૫ ॥

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોડક્ષર ઉચ્યતે ॥ ૧૬ ॥

ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥ ૧૭ ॥

યસ્માત્ક્ષરમતીતોડહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોડસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥ ૧૮ ॥

યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥ ૧૯ ॥

ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ ।
એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥ ૨૦ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામ પંચદશોડધ્યાયઃ ।। ૧૫ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ પંચદશોડધ્યાયઃ

(ગીતાનો પંદરમો અધ્યાય)

(પુરુષોત્તમયોગ)

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બૉલ્યા)

ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥ ૧ ॥

અન્વય	અર્થ
ઊર્ધ્વમૂલમ્	ઊર્ધ્વ-ઉપર તરફ (ભગવાન પુરુષોત્તમ)જેનું મૂળ છે (અને)
અધઃશાખમ્	અધઃ - નીચે તરફ (અનેક જીવો વગેરે) જેની શાખાઓ છે (તેમજ)
અવ્યયમ્	જે અવ્યય-નિત્ય છે - જેનો ક્યારેય વિનાશ નથી (એવા)
અશ્વત્થમ્	(નામ-રૂપાત્મક પ્રપંચ જગતને) પીપળાના વૃક્ષ (નામે)
પ્રાહુઃ	(વેદાદિ શાસ્ત્રો તથા વ્યાસ વગેરે મહર્ષિઓ) કહે છે (અને)
યસ્ય	જેનાં
પર્ણાનિ	(છાયા વડે તાપથી રક્ષણ કરનાર) પાંદડાંઓ રૂપે
છન્દાંસિ	(ભગવાનનું સ્વરૂપ અને ભગવાનનું ભજન જણાવનારા) વેદો છે
તં	તેવા આ વૃક્ષને (ભગવાનની લીલારૂપે)
યઃ	જે (કોઈક ભગવાનનો કૃપાપાત્ર દુર્લભ અધિકારી)
વેદ	જાણે છે (ભગવાનની લીલા રૂપે જગતને જોતાં જગતમાં તાપનિવૃત્તિ વેદથી છે એમ જે જાણે છે)
સઃ	તે (તેમ જાણનાર)
વેદવિત્	વેદને જાણનાર (વેદના અર્થને જાણનાર) છે.

ભાવાર્થ – ઊર્ધ્વ - ઉપર તરફ (ભગવાન પુરુષોત્તમ) જેનું મૂળ છે (અને) અધઃ - નીચે તરફ (અનેક જીવો વગેરે) જેની શાખાઓ છે (તેમજ) જે અવ્યય-નિત્ય છે - જેનો ક્યારેય વિનાશ નથી (એવા) (નામ-રૂપાત્મક પ્રપંચ જગતને) પીપળાના વૃક્ષ (નામે) (વેદાદિ શાસ્ત્રો તથા વ્યાસ વગેરે મહર્ષિઓ) કહે છે (અને) જેનાં (છાયા વડે તાપથી રક્ષણ કરનાર) પાંદડાંઓ રૂપે (ભગવાનનું સ્વરૂપ અને ભગવાનનું ભજન જણાવનારા) વેદો છે, તેવા આ વૃક્ષને (ભગવાનની લીલારૂપે) જે (કોઈક ભગવાનનો કૃપાપાત્ર દુર્લભ અધિકારી) જાણે છે (ભગવાનની લીલારૂપે જગતને જોતાં જગતમાં તાપનિવૃત્તિ વેદથી છે એમ જે જાણે છે) તે (તેમ જાણનાર) વેદને જાણનાર (વેદના અર્થને જાણનારા) છે ॥ ૧ ॥

અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા
ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।
અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ
કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥ ૨ ॥

અન્વય	અર્થ
તસ્ય	તેની (તે અલૌકિક વૃક્ષની)
અધઃ	નીચે તરફ (વિવિધ જીવ વગેરેમાં)
ચ	અને

ઊર્ધ્વમ્	ઉપર તરફ (લીલાવતાર વગેરેમાં)
શાખાઃ	શાખાઓ
પ્રસૃતાઃ	ફેલાયેલી છે (અનેકરૂપે વિસ્તારને પામેલી છે), (વળી)
ગુણપ્રવૃદ્ધાઃ	સાત્ત્વિક વગેરે ગુણો વડે (સીંચાઈને જ) પ્રકૃષ્ટતાથી વૃદ્ધિને પામેલી, (વળી)
વિષય-	(તે શાખાઓમાં) શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ આ
પ્રવાલાઃ	વિષયો પ્રવાલ એટલે કે કૂંપળ રૂપે બનેલી છે, (વળી)
મનુષ્યલોકે	મનુષ્યલોકમાં (જ્યાં મનુષ્યદેહથી કર્મ કરી શકાય છે તે લોકમાં)
કર્માનુબન્ધીનિ	નિરન્તર કર્માસક્તિ સ્વરૂપના તેનાં (શાખાઓના)
મૂલાનિ	મૂળિયાંઓ
અધઃ	નીચે (મનુષ્ય-પશુ વગેરેમાં)
ચ	અને (ઉપર દેવ વગેરેમાં જન્મ-સ્થિતિ વગેરે સ્વરૂપે)
અનુસન્તતાનિ	કર્મના અનુસાર ફેલાયેલા છે.

ભાવાર્થ – તેની (તે અલૌકિક વૃક્ષની) નીચે તરફ (વિવિધ જીવ વગેરેમાં અને ઉપર તરફ (લીલાવતાર વગેરેમાં) શાખાઓ ફેલાયેલી છે (અનેક રૂપે વિસ્તારને પામેલી છે), (વળી) સાત્ત્વિક વગેરે ગુણો વડે (સીંચાઈને જ) પ્રકૃષ્ટતાથી વૃદ્ધિને પામેલી, (વળી) (તે શાખાઓમાં) શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ આ વિષયો પ્રવાલ એટલે કે કૂંપળરૂપે બનેલી છે, (વળી) મનુષ્યલોકમાં (જ્યાં મનુષ્યદેહથી કર્મ કરી શકાય છે તે લોકમાં) નિરન્તર કર્માસક્તિ સ્વરૂપના તેનાં (શાખાઓનાં) મૂળિયાંઓ નીચે (મનુષ્ય-પશુ વગેરેમાં) અને (ઉપર દેવ વગેરેમાં જન્મ-સ્થિતિ વગેરે સ્વરૂપે) કર્મના અનુસાર ફેલાયેલા છે ॥ ૨ ॥

ન રૂપમસ્યેહ તથોપલભ્યતે
નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલ-
મસઙ્ગશસ્ત્રેણ દઢેન છિત્ત્વા ॥ ૩ ॥

અન્વય	અર્થ
અસ્ય	(અલૌકિક વૃક્ષની શાખારૂપ હોઈને પણ) આ વૃક્ષનું
ઈહ	અહીં આ લોકમાં (અહંતા-મમતાત્મક અવિદ્યાગ્રસ્ત લૌકિક સંસારમાં)
તથા	તેવા (અલૌકિક- ભગવત્ક્રીડાત્મક)
રૂપં	રૂપનો
ઉપલભ્યતે	ઈન્દ્રિયગોચર રૂપમાં લાભ થતો
ન	નથી.
ન અન્તઃ	(વળી તે ભગવાનના ક્રીડાત્મક હોવાથી તેનો) અન્ત (પણ) નથી,
ન ચ આદિઃ	(તેમજ તેનું મૂલ પુરુષોત્તમ હોવાથી) તેનું આદિ (પણ) નથી,
ન ચ સમ્પ્રતિષ્ઠા	(તેમજ તે અનાદિ હોવાથી) તેની પુનઃ પ્રતિષ્ઠા (પણ) નથી
એનં	(તેથી) આ (અવિદ્યા વડે સર્વતઃ દેખાતા-અનુભવાતા)
સુવિરૂઢમૂલં	(અને જેના જીવકલ્પિત વાસનામય) અતિશય દઢ

	બનેલાં મૂળિયાંઓવાળા
અશ્વત્થં	(અહંતા-મમતાત્મક નશ્વર એવા લૌકિક સંસારરૂપ) પીપળાના વૃક્ષને
દૃઢેન	આ વૃક્ષને કાપવાના સામર્થ્યવાળા (નિશ્ચયાત્મક) દૃઢ વૈરાગ્ય સ્વરૂપના
અસંગશસ્ત્રેણ	અનાસક્તિરૂપ શસ્ત્ર વડે
છિત્ત્વા	છેદીને

ભાવાર્થ – (અલૌકિક વૃક્ષની શાખારૂપ હોઈને પણ) આ વૃક્ષનું અહીં આ લોકમાં (અહંતા-મમતાત્મક અવિદ્યાગ્રસ્ત સંસારમાં તેવા (અલૌકિક ભગવત્ ક્રીડાત્મક) રૂપનો ઈન્દ્રિયગોચર રૂપમાં લાભ થતો નથી. (વળી તે ભગવાનના ક્રીડાત્મક હોવાથી તેનો) અન્ત પણ નથી, (તેમજ તેનું મૂળ પુરુષોત્તમ હોવાથી) તેનું આદિ પણ નથી, તેમજ તે અનાદિ હોવાથી તેની પુનઃ પ્રતિષ્ઠા (પણ) નથી. (તેથી) આ (અવિદ્યા વડે દેખાતા-અનુભવાતા) અને જેનાં જીવકલ્પિત-વાસનામય) અતિશય દૃઢ બનેલાં મૂળિયાંઓવાળા (અહંતા-મમતાત્મક નશ્વર એવા લૌકિક-સંસારરૂપ) પીપળાના વૃક્ષને (આ વૃક્ષને કાપવાના સામર્થ્યવાળા નિશ્ચયાત્મક) દૃઢ વૈરાગ્યસ્વરૂપના અનાસક્તિરૂપ શસ્ત્ર વડે છેદીને ॥ ૩ ॥

તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં
યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે
યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥ ૪ ॥

અન્વય	અર્થ
તતઃ	તદનન્તર - ત્યાર પછી (દૃઢ વૈરાગ્ય સ્વરૂપના અનાસક્તિ રૂપ શસ્ત્ર વડે વાસનામય વૃક્ષને છેદ્યા પછી)
તત્પદમ્	તેનું (પ્રથમ શ્લોકમાં જણાવ્યા મુજબ અલૌકિક વૃક્ષના મૂલભૂત) ભગવદ્ધામરૂપ અક્ષર બ્રહ્મનું
પરિમાર્ગિતવ્યં	સર્વતઃ (વિચારપૂર્વક આલોચન કરવાની રીતે) અન્વેષણ કરવું,
યસ્મિન્	જેમાં-જે ધામમાં-પદમાં
ગતાઃ	ગયેલા -પ્રાપ્ત થયેલા
ભૂયઃ	ફરીથી
ન, નિવર્તન્તિ	(સંસારમાં) પાછા ફરતા નથી
યતઃ	(તેથી કરીને) જેનાથી - જે પુરુષોત્તમથી
પુરાણી-પ્રવૃત્તિઃ	સનાતની - નિત્યા પ્રવૃત્તિ (એટલે કે ભક્તિના સ્વરૂપવાળી ભગવાનની અનુપ્રવૃત્તિ
પ્રસૃતા	વિસ્તારેલી છે - પ્રકટેલી છે
તમેવ	તેમને જ (જેમનાથી ભક્તિ સ્વરૂપની પ્રવૃત્તિ વિસ્તરેલી છે તેવા ભગવાનને જ)
આદ્યં	(કે) જે સર્વમાં પ્રથમ છે
ચ	તેમજ
પુરુષં	(ભાવાત્મતા વડે) પુરુષરૂપ છે તેમને
પ્રપદ્યે	શરણે જાઉં છું.

ભાવાર્થ – તદનન્તર - ત્યાર પછી (દૃઢ વૈરાગ્યસ્વરૂપના અનાસક્તિરૂપ શસ્ત્ર વડે વાસનામય વૃક્ષને છેદ્યા પછી) તેનું (પ્રથમ શ્લોકમાં જણાવ્યા મુજબ અલૌકિક વૃક્ષના મૂલભૂત) ભગવદ્ધામરૂપ અક્ષરબ્રહ્મનું સર્વતઃ

(વિચારપૂર્વક આલોચન કરવાની રીતે અન્વેષણ કરવું, જેમાં - જે ધામમાં - પદમાં ગયેલા - પ્રાપ્ત થયેલા ફરીથી (સંસારમાં) પાછા ફરતા નથી. (તેથી કરીને) જેનાથી - જે પુરુષોત્તમથી સનાતની-નિત્યા પ્રવૃત્તિ (એટલે કે ભક્તિના સ્વરૂપવાળી ભગવાનની અનુપ્રવૃત્તિ વિસ્તરેલી છે- પ્રકટેલી છે તેમને જ (જેમનાથી ભક્તિ સ્વરૂપની પ્રવૃત્તિ વિસ્તરેલી છે તેવા ભગવાનને જ) (કે) જે સર્વમાં પ્રથમ છે તેમજ (ભાવાત્મતા વડે) પુરુષ - રૂપ છે તેમને શરણે જાઉં છું. ॥ ૪ ॥

નિર્માનમોહા જિતસઙ્ગદોષા
અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈઃ
ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥ ૫ ॥

અન્વય	અર્થ
નિર્માનમોહાઃ	જેમનામાંથી માન-મોહ ચાલ્યા ગયા છે (ભગવત્સમ્બન્ધથી ઉત્પન્ન થયેલ અમે મોટા ભક્ત તેવું માન અને અવિદ્યાકાર્ય સ્વરૂપ અજ્ઞાનાત્મક મોહ એ બંનેથી રહિત થયેલા),
જિતસંગદોષાઃ	સંગદોષ જિતેલા (અવૈષ્ણવ વગેરેનો સંગદોષ ત્યાગેલા),
અધ્યાત્મનિત્યાઃ	ભગવત્સ્વરૂપતત્ત્વવિચારમાં પરિનિષ્ઠા પામેલા,
વિનિવૃત્તકામાઃ	(વિશેષ કરીને મન વડે વિચારથી રહિત હોવાના કારણે) વિશેષે કરીને જેમનાથી કામ નિવૃત્ત થયેલો છે તેવા,
સુખદુઃખસંજ્ઞૈઃ	સુખ-દુઃખ વગેરે સંજ્ઞાવાળા
દ્વન્દ્વૈઃવિમુક્તાઃ	(સાંસારિક સકલ) દ્વન્દ્વ-બેના જોડકાથી વિશેષે મુક્ત થયેલા (તેવા આ દોષોથી રહિત અને અહીં કહેવાયેલ ગુણવાળાઓ)
અમૂઢાઃ	(ભગવાનના જ ચિન્તનમાં પરાયણ હોવાથી) મોહ - રહિત એવાઓ
તદ્	તે (વિષ્ણુના)
અવ્યયમ્	નિત્ય-અવિનાશી
પદમ્	પદને-ધામને (વૈકુંઠને)
ગચ્છન્તિ	જાય છે-પામે છે.

ભાવાર્થ – જેમનામાંથી માન-મોહ ચાલ્યા ગયા છે (ભગવત્સંબન્ધથી ઉત્પન્ન થયેલ અમે મોટા ભક્ત તેવું માન અને અવિદ્યાકાર્ય સ્વરૂપ અજ્ઞાનાત્મક મોહ એ બંનેથી રહિત થયેલા), સંગદોષ જિતેલા (અવૈષ્ણવ વગેરેનો સંગદોષ ત્યાગેલા), ભગવત્સ્વરૂપતત્ત્વવિચારમાં પરિનિષ્ઠા પામેલા, (વિશેષ કરીને મન વડે વિચારથી રહિત હોવાના કારણે) વિશેષે કરીને જેમનાથી કામ નિવૃત્ત થયેલો છે તેવા, સુખ-દુઃખ સંજ્ઞાવાળા (સાંસારિક સકલ) દ્વન્દ્વ-બેના જોડકાથી વિશેષે મુક્ત થયેલા (તેવા આ દોષોથી રહિત અને અહીં કહેવાયેલ ગુણવાળાઓ) (ભગવાનના જ ચિન્તનમાં પરાયણ હોવાથી) મોહરહિત એવાઓ તે (વિષ્ણુના) નિત્ય-અવિનાશી પદને - ધામને (વૈકુંઠને) જાય છે - પામે છે ॥ ૫ ॥

ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।
યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ ધામ પરમં મમ ॥ ૬ ॥

અન્વય	અર્થ
તદ્	તેને - (વિષ્ણુના પરમ પદ-વૈકુંઠધામને)

સૂર્યઃ	(તે વૈકુંઠ સ્વયં પ્રકાશ હોવાથી સર્વને પ્રકાશિત કરવાની શક્તિવાળો)સૂર્ય (પણ)
ન ભાસયતે	પ્રકાશિત કરી શકતો નથી,
ન શશાંકઃ	(તાપને હરી લઈ શીતલતા સહ પ્રકાશિત કરનાર) ચન્દ્રમા પણ પ્રકાશિત કરી શકતો નથી,
ન પાવકઃ	(શીતાદિ નિવારણસહ પ્રકાશિત કરનાર) અગ્નિ (પણ) પ્રકાશિત કરી શકતો નથી.
યદ્	જ્યાં (જે પદને)
ગત્વા	જઈને (પામીને કોઈ પણ)
ન નિવર્તન્તે	(પુનરાવૃત્તિવાળા સંસારમાં) પાછા ફરતા નથી,
તત્	તે (તે મુજબનું)
મમ	મારું (પરબ્રહ્મ-પુરુષોત્તમનું)
પરમં	ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ-ઉન્નત
ધામ	ગૃહ-આવાસ- છે.

ભાવાર્થ – તેને (વિષ્ણુના પરમપદ-વૈકુંઠને) (તે વૈકુંઠ સ્વયં પ્રકાશ હોવાથી સર્વને પ્રકાશિત કરવાની શક્તિવાળો) સૂર્ય (પણ) પ્રકાશિત કરી શકતો નથી, (તાપને હરી લઈ શીતલતા સહ પ્રકાશિત કરનાર) ચન્દ્રમા પણ પ્રકાશિત કરી શકતો નથી, (શીતાદિ નિવારણ સહ પ્રકાશિત કરનાર) અગ્નિ (પણ) પ્રકાશિત કરી શકતો નથી, જ્યાં (જે પદને) જઈને (પામીને કોઈ પણ) (પુનરાવૃત્તિ વાળા સંસારમાં) પાછા ફરતા નથી, તે (તે મુજબનું) મારું (પરબ્રહ્મ-પુરુષોત્તમનું) ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ-ઉન્નત ગૃહ-આવાસ છે ॥ ૬ ॥

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।

મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥ ૭ ॥

અન્વય	અર્થ
જીવલોકે	જ્યાં જીવો જીવે છે તે (મારી ક્રીડા અર્થે પ્રકટ કરેલ) જીવલોકમાં
જીવભૂતઃ	જીવ બનેલો (ભગવાનને ક્રીડા રસભોગને અર્થે તથા અંશને સેવારસના ભોગ અર્થે ભગવાનની ઈચ્છાથી જીવત્વ લક્ષણવાળો જીવ બનેલો એટલે કે તેમાં આનન્દઅંશના તિરોધાન વડે અન્-ઈશિતૃત્વ એટલે કે સમર્થપણું-સ્વામીપણું - નિયામકપણું ન હોવું ઉત્પન્ન કરીને જીવ બનેલો,
મમ	મારો (પુરુષોત્તમનો)
એવ	જ (મારા ચિદ્નો જ)
અંશઃ	ભાગ
સનાતનઃ	(કે જે) સદા મારામાં વિદ્યમાન છે (તે)
મનઃષષ્ઠાનિ-ઈન્દ્રિયાણિ	મન છઠ્ઠું છે જેનું તેવી પાંચ ઈન્દ્રિયો (શ્રોત્ર-ત્વગ્-ચક્ષુ-ઘ્રાણ-રસના)
પ્રકૃતિસ્થાનિ	(કે જે) પ્રકૃતિમાં સ્થિતિ કરેલી છે (પ્રકૃતિવિશેષરૂપ શરીરમાં સ્થિતિ કરેલી છે) (તેને શબ્દ-સ્પર્શ વગેરે વિષયોનો ભોગ કરવો વગેરે અનુભવ અર્થે)
કર્ષતિ	કર્ષણ કરે છે-પોતાના તરફ અભિમુખ કરે છે.

ભાવાર્થ – જ્યાં જીવો જીવે છે તે (મારી ક્રીડા અર્થે પ્રકટ કરેલ) જીવલોકમાં જીવ બનેલો (ભગવાનને ક્રીડારસભોગને અર્થે તથા અંશને સેવારસના ભોગ અર્થે ભગવાનની ઈચ્છાથી જીવત્વલક્ષણવાળો જીવ બનેલો -એટલે કે તેમાં આનંદ અંશના તિરોધાન વડે અન્ ઈશિતૃત્વ એટલે કે સમર્થપણું - સ્વામીપણું - નિયામકપણું ન હોવું ઉત્પન્ન

કરીને જીવ બનેલો) મારો (પુરુષોત્તમનો) જ (મારા ચિદ્‌નો જ) ભાગ (કે જે) સદા મારામાં વિદ્યમાન છે (તે) મન છઠ્ઠું છે જેનું તેવી પાંચ ઈન્દ્રિયો (શ્રોત્ર-ત્વગ્-ચક્ષુ-ઘ્રાણ-રસના) (કે જે) પ્રકૃતિમાં સ્થિતિ કરેલી છે (પ્રકૃતિવિશેષરૂપ શરીરમાં સ્થિતિ કરેલી છે) (તેને શબ્દ-સ્પર્શ વગેરે વિષયોનો ભોગ કરવો વગેરે અનુભવ અર્થે કર્ષણ કરે છે - પોતાના તરફ અભિમુખ કરે છે ।। ૭ ।।

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ।। ૮ ।।

અન્વય	અર્થ
વાયુઃ	વાયુ-પવન
આશયાત્	જેમાં ગંધ છે તેવા પુષ્પ વગેરે સ્થળેથી
ગંધાન્	ગંધને (પુષ્પ વગેરેમાં ગંધરૂપે રહેલ સૂક્ષ્મ અંશને)
ઈવ	(જમ ગ્રહણ કરીને લઈ જાય છે) તેની માફક
ઈશ્વરઃ	ઈન્દ્રિયોનો નિયામક મૂલભૂત જીવ
અપિ	પણ
યત્	યદા (જ્યારે)
શરીરં	(ભોગને અર્થે) શરીરને
અવાપ્નોતિ	પ્રાપ્ત કરે છે
ચ	અને
યત્	(યદા) જ્યારે
ઉત્ક્રામતિ	(ભોગ સમાપ્ત થતાં શરીરમાંથી) પ્રસ્થાન કરે છે - બહાર નીકળે છે (ત્યારે)
એતાનિ	આ મનસહિત ઈન્દ્રિયોને (સૂક્ષ્મ-સંસ્કારરૂપ ઈન્દ્રિયોને)
ગૃહીત્વા એવ	ગ્રહણ કરીને જ (સાથે લઈને જ)
સંયાતિ	ભોગનાં સૂક્ષ્મ સાધનો સહ જાય છે.

ભાવાર્થ – વાયુ-પવન જેમાં ગંધ છે તેવા પુષ્પ વગેરે સ્થળેથી ગંધને (પુષ્પ વગેરેમાં ગંધ રૂપે રહેલ સૂક્ષ્મ અંશને) (જેમ ગ્રહણ કરીને લઈ જાય છે) તેની માફક ઈન્દ્રિયોનો નિયામક મૂલભૂત જીવ પણ (યદા) જ્યારે (ભોગને અર્થે) શરીરને પ્રાપ્ત કરે છે અને (યદા) જ્યારે (ભોગ સમાપ્ત થતાં શરીરમાંથી) પ્રસ્થાન કરે છે બહાર નીકળે છે ત્યારે આ મન સહિત ઈન્દ્રિયોને (સૂક્ષ્મ સંસ્કારરૂપ ઈન્દ્રિયોને) ગ્રહણ કરીને જ (સાથે લઈને જ) ભોગનાં સૂક્ષ્મ સાધનો સહ જાય છે ।। ૮ ।।

શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ।। ૯ ।।

અન્વય	અર્થ
અયં	આ (શરીરમાં સ્થિતિ કરેલો જીવ)
શ્રોત્રં	શ્રોત્ર (કર્ણેન્દ્રિય)
ચક્ષુઃ	ચક્ષુ (દગિન્દ્રિય)
સ્પર્શનં	સ્પર્શેન્દ્રિય-(ત્વગિન્દ્રિય)
ચ	અને
રસનં	રસનેન્દ્રિય (સ્વાદેન્દ્રિય તથા)
ઘ્રાણં	ઘ્રાણેન્દ્રિય
ચ	તેમજ
મનઃ	(પાંચ ઈન્દ્રિયોમાં છઠ્ઠું) મન

અધિષ્ઠાય	તે છનું અધિષ્ઠાન કરીને (મુખ્યરૂપે ત્યાં સ્વયં સ્થિતિ કરીને)
વિષયાન્	(તે-તે ઈન્દ્રયોનાં) શબ્દ વગેરે વિષયોનો
ઉપસેવતે	ઉપભોગ કરે છે.

ભાવાર્થ – આ (શરીરમાં સ્થિતિ કરેલો જીવ) શ્રોત્ર (કર્ણેન્દ્રિય), ચક્ષુ (દગિન્દ્રિય), સ્પર્શેન્દ્રિય (ત્વગિન્દ્રિય) અને રસનેન્દ્રિય (સ્વાદેન્દ્રિય તથા) ઘ્રાણેન્દ્રિય તેમજ (પાંચ ઈન્દ્રિયોમાં છઠું મન), તે છનું અધિષ્ઠાન કરીને (મુખ્ય રૂપે ત્યાં સ્વયં સ્થિતિ કરીને) (તે-તે ઈન્દ્રિયોના) શબ્દ વગેરે વિષયોનો ઉપભોગ કરે છે ॥ ૯ ॥

ઉત્ક્રામન્તં સ્થિતં વાડપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
ગુણાન્વિતં	(સત્ત્વ-રજસ્-તમસ્ ત્રણ) ગુણોથી વીંટળાયેલા જીવને
ઉત્ક્રામન્તં	તે શરીરથી પ્રસ્થાન કરતો હોય
વા	અથવા
સ્થિતં	સ્થિતિ કરીને રહેલો હોય
વા	અથવા
ભુંજાનં	વિષયોનો ભોગ કરી રહ્યો હોય,
અપિ	ત્યારે પણ
વિમૂઢાઃ	વિશેષે મૂઢ બનેલા લોકો (પ્રકૃતિમય મનુષ્યત્વ વગેરે પિંડમાં અભિમાન કરેલા અજ્ઞાની લોકો)

ન, અનુપશ્યન્તિ	(સામે દેખાતું જોઈને પણ) જોતા નથી. (પરંતુ)
જ્ઞાનચક્ષુષઃ	જ્ઞાનચક્ષુવાળા લોકો (સત્સંગ વડે જેમને સ્વરૂપજ્ઞાનનો લાભ થયો છે તેવા લોકો)
પશ્યન્તિ	(સર્વ અવસ્થામાં પણ પિંડથી અલગ જીવાત્માને) જુએ છે - જોઈ શકે છે.

ભાવાર્થ – (સત્ત્વ-રજસ્-તમસ્ ત્રણ) ગુણોથી વીંટળાયેલા જીવને તે શરીરથી પ્રસ્થાન કરતો હોય અથવા સ્થિતિ કરીને રહેલો હોય અથવા વિષયોનો ભોગ કરી રહ્યો હોય, ત્યારે પણ વિશેષે મૂઢ બનેલા લોકો (પ્રકૃતિમય મનુષ્યત્વ વગેરે પિંડમાં અભિમાન કરેલા અજ્ઞાની લોકો (સામે દેખાતું જોઈને પણ) જોતા નથી. (પરંતુ) જ્ઞાનચક્ષુવાળા લોકો (સત્સંગ વડે જેમને સ્વરૂપ જ્ઞાનનો લાભ થયો છે તેવા લોકો) (સર્વ અવસ્થામાં પણ પિંડથી અલગ જીવાત્માને) જુએ છે - જોઈ શકે છે ॥ ૧૦ ॥

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતન્તોડપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
યતન્તઃ	યત્ન કરી રહેલા (જ્ઞાન અર્થે પ્રયત્નપરાયણ થયેલા)
યોગિનઃ	યોગીઓ (ચિત્તનિરોધ કરનારાઓ)
આત્મનિ-અવસ્થિતમ્	અંતઃકરણમાં સારી રીતે સ્થિતિ કરેલા
એનં	આને (તે પ્રકારે ભોગ કરી રહેલા જીવાત્માને)
પશ્યન્તિ	જુએ છે - જોઈ શકે છે,
ચ	અને
અકૃતાત્માનઃ	અકૃત અન્તઃકરણવાળા (અન્તઃકરણને વશમાં નહીં

	કરી ચિત્ત નિરોધ નહીં સાધેલા)
અચેતસઃ	મન્દમતિ-ચૈતન્યરહિત લોકો
યતન્તઃ	(વિવિધ સિદ્ધિઓને અર્થે કેવલ યોગ વગેરે વડે) યત્ન કરતા હોય
અપિ	તો પણ (તેઓ)
એનં	આને (જુદી-જુદી અવસ્થામાં જીવાત્માને)
ન પશ્યન્તિ	જોતા નથી-જોઈ શકતા નથી.

ભાવાર્થ – યત્ન કરી રહેલા (જ્ઞાન અર્થે પ્રયત્નપરાયણ થયેલા) યોગીઓ (ચિત્તનિરોધ કરનારાઓ) અન્તઃકરણમાં સારી રીતે સ્થિતિ કરેલા આને (તે પ્રકારે ભોગ કરી રહેલા જીવાત્માને) જુએ છે - જોઈ શકે છે, અને અકૃત અન્તઃકરણવાળા (અન્તઃકરણને વશમાં નહીં કરી ચિત્તનિરોધ નહીં સાધેલા) મન્દમતિ - ચૈતન્ય રહિત લોકો (વિવિધ સિદ્ધિઓને અર્થે કેવલ યોગ વગેરે વડે) યત્ન કરતા હોય તો પણ (તેઓ) આને (જુદી જુદી અવસ્થામાં જીવાત્માને) જોતા નથી - જોઈ શકતા નથી ॥ ૧૧ ॥

યદાદિત્યગતં તેજો જગદ્‌ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
આદિત્યગતં	આદિત્ય - સૂર્યમાં રહેલ
યત્	જે
તેજઃ	તેજ છે
અખિલં	(કે જેનાથી)સમ્પૂર્ણ
જગત્	જગત્-વિશ્વ
ભાસયતે	પ્રકાશે છે

ચ	અને
યત્	જે
ચન્દ્રમસિ	ચન્દ્રમામાં (જગત્‌ને આપ્યાયન વગેરેથી પ્રકાશિત કરતું તેજ છે)
યત્	(તેમજ) જે
અગ્નૌ	અગ્નિમાં (આહુત કરવાથી સંતોષ ઉત્પન્ન કરીને હૃદયને પ્રકાશિત કરનારું તેજ છે)
તત્	તે (બધું જ)
તેજઃ	તેજ
મામકમ્	મારું છે (તેમ)
વિદ્ધિ	જાણ.

ભાવાર્થ – આદિત્ય-સૂર્યમાં રહેલ જે તેજ છે (જેનાથી) સમ્પૂર્ણ જગત્ - વિશ્વ પ્રકાશે છે અને જે ચન્દ્રમામાં (જગત્‌ને આપ્યાયન વગેરેથી પ્રકાશિત કરતું તેજ છે) (તેમજ) જે અગ્નિમાં (આહુત કરવાથી સંતોષ ઉત્પન્ન કરીને હૃદયને પ્રકાશિત કરનારું તેજ છે, તે (બધું જ) તેજ મારું છે (તેમ) જાણ ॥ ૧૨ ॥

ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધિઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
ચ	તેમજ
ગામ્	પૃથ્વીમાં
ઓજસા	(ધારણ કરવાની) શક્તિ-બલ-સામર્થ્યરૂપે

આવિશ્ય	આવેશ થઈને - પ્રવેશીને
ભૂતાનિ	પ્રાણીમાત્રને
અહં	હું (જ)
ધારયામિ	ધારણ કરું છું
ચ	અને
રસાત્મકઃ	રસમય- અમૃતમય
સોમઃ	ચન્દ્રમા
ભૂત્વા	થઈને
સર્વાઃ	સર્વ-સમ્પૂર્ણ
ઓષધીઃ	ઓષધી-વનસ્પતિઓને (હું જ)
પુષ્ણામિ	પુષ્ટ કરું છું

ભાવાર્થ – તેમજ પૃથ્વીમાં (ધારણ કરવાની) શક્તિ - બલ-સામર્થ્યરૂપે આવેશ થઈને-પ્રવેશીને પ્રાણિમાત્રને હું (જ) ધારણ કરું છું અને રસમય-અમૃતમય ચન્દ્રમા થઈને સર્વ-સમ્પૂર્ણ ઓષધી-વનસ્પતિઓને (હું જ) પુષ્ટ કરું છું ।। ૧૩ ।।

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ।। ૧૪ ।।

અન્વય	અર્થ
વૈશ્વાનરઃ	જઠરમાં રહેલો અગ્નિ-વૈશ્વાનર
ભૂત્વા	થઈને
પ્રાણિનાં	સર્વ પ્રાણીઓના
દેહં	દેહમાં

આશ્રિતઃ	આશ્રય કરેલો (આશ્રય કરીને-અન્તઃપ્રવિષ્ટ થઈને)
પ્રાણ-અપાન-સમ	પ્રાણ - અપાન - સમાન (સમ) પ્રાણોથી
આયુક્તઃ	સારી રીતે યુક્ત થયેલો
અહં	હું (જ)
ચતુર્વિધં	ચાર પ્રકારનું (ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય-ચોષ્ય અથવા પેય)
અન્નં	અન્નને (ભોજન કરાયેલા પદાર્થને)
પચામિ	પચાવુ છું.

ભાવાર્થ – જઠરમાં રહેલો અગ્નિ-વૈશ્વાનર થઈને સર્વ પ્રાણીઓના દેહમાં આશ્રય કરેલો (આશ્રય કરીને - અન્તઃ પ્રવિષ્ટ થઈને) પ્રાણ-અપાન-સમાન (સમ) પ્રાણોથી સારી રીતે યુક્ત થયેલો હું (જ) ચાર પ્રકારનું (ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય-ચોષ્ય અથવા પેય) અન્નને (ભોજન કરાયેલા પદાર્થને) પચાવું છું ।। ૧૪ ।।

સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો
મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ।। ૧૫ ।।

અન્વય	અર્થ
અહં	હું
સર્વસ્ય	બધા (પ્રાણિમાત્ર)ના
ચ	પણ
હૃદિ	હૃદયમાં

સંનિવિષ્ટ	પ્રવિષ્ટ થયેલો છું - રહું છું
ચ	તેમજ
મત્તઃ	મારા થકી જ
સ્મૃતિઃ	(તે જીવના ઉદ્ધાર અર્થે પૂર્વમાં અનુભવ કરેલ ભગવત્સ્વરૂપની) સ્મૃતિ-સ્મરણ,
જ્ઞાનમ્	(તે જીવને મુક્તિદાનની ઈચ્છાથી) જ્ઞાન
ચ	તેમજ
અપોહનં	સ્મૃતિ-જ્ઞાન બન્નેનું વિસ્મરણ (થાય છે)
સર્વૈઃ	(તેમજ પૂર્વકાંડ-ઉત્તરકાંડ રૂપે) સમ્પૂર્ણ
વેદૈઃ	વેદો વડે
અહમ્	હું
એવ	જ
વેદ્યઃ	જ્ઞેય-જાણવા યોગ્ય છું (સમ્પૂર્ણ વેદો મને જ પ્રતિપાદિત કરે છે)
વેદાન્તકૃત્	વેદાન્તના કર્તા (સૂત્ર ગ્રન્થો વગેરેના પ્રણયન દ્વારા સમ્પ્રદાયપ્રવર્તક વ્યાસ વગેરે રૂપે ગુરુ)
ચ	અને
વેદવિત્	વેદને જાણનાર (વ્યાસ વગેરે ગુરુરૂપ દ્વારા શિષ્ય વગેરેનાં હૃદયમાં સ્થિતિ કરેલ જ્ઞાનપ્રકાશથી જ્ઞાનવાન્ (પણ)
અહં એવ	હું જ છું.

ભાવાર્થ – હું બધા (પ્રાણિમાત્ર) ના પણ હૃદયમાં પ્રવિષ્ટ થયેલો છું - રહું છું, તેમજ મારા થકી જ (તે જીવના ઉદ્ધાર અર્થે પૂર્વમાં અનુભવ કરેલ ભગવત્ સ્વરૂપની) સ્મૃતિ-સ્મરણ, (તે જીવને મુક્તિદાનની ઈચ્છાથી) જ્ઞાન તેમજ સ્મૃતિ બન્નેનું વિસ્મરણ થાય છે. (તેમજ પૂર્વકાંડ-ઉત્તરકાંડરૂપે) સમ્પૂર્ણ વેદો વડે હું જ જ્ઞેય-જાણવા યોગ્ય છું (સમ્પૂર્ણ વેદો મને જ પ્રતિપાદિત કરે છે). વેદાન્તના કર્તા (સૂત્રગ્રન્થો વગેરેના પ્રણયન દ્વારા સમ્પ્રદાયપ્રવર્તક વ્યાસ વગેરે રૂપે ગુરુ) અને વેદને જાણનાર (વ્યાસ વગેરે ગુરુરૂપ દ્વારા શિષ્ય વગેરેના હૃદયમાં સ્થિતિ કરેલ જ્ઞાનપ્રકાશથી જ્ઞાનવાન્ (પણ) હું જ છું ॥ ૧૫॥

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
લોકે	(જગતમાં રહેલાં સર્વ) લોકમાં
ક્ષરઃ	(ક્ષરણશીલ) ક્ષર
ચ	અને
અક્ષરઃ	(જે ક્ષરણશીલ નથી તેવું અવિનાશી) અક્ષર
ઈમૌ	આ
દ્વૌ એવ	બે જ
પુરુષૌ	પુરુષો છે (તે બંનેમાં)
ક્ષરઃ	ક્ષર પુરુષ એ
સર્વાણિ	સર્વ (બ્રહ્માથી લઈને સ્થાવર પર્યન્તના અનેક પ્રકારના)
ભૂતાનિ	ભૂતો (શરીરો જે પુરુષ શબ્દથી કહેવાતા પુરુષના અંશરૂપ) છે.
ચ	અને
કૂટસ્થઃ	રાશિસ્થ (નાશવાન્ સર્વ પદાર્થો અને શરીરોમાં રાશિરૂપે અવિનાશી ભાવે રહેલ ભોક્તા)

અક્ષરઃ	અક્ષર (નામે)
ઉચ્યતે	કહેવાય છે

ભાવાર્થ – (જગત્માં રહેલા સર્વ) લોકમાં (ક્ષરણશીલ ક્ષર અને (જે ક્ષરણશીલ નથી તેવું અવિનાશી) અક્ષર આ બે જ પુરુષો છે. (તે બંનેમાં) ક્ષર પુરુષ એ સર્વ (બ્રહ્માથી લઈને સ્થાવર પર્યન્તના અનેક પ્રકારના) ભૂતો (શરીરો જે પુરુષશબ્દથી કહેવાતા પુરુષના અંશરૂપ) છે અને રાશિસ્થ (નાશવાન્ સર્વ પદાર્થો અને શરીરોમાં રાશિરૂપે અવિનાશીભાવે રહેલ ભોક્તા) અક્ષર (નામે) કહેવાય છે ॥ ૧૬ ॥

ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
તુ	પરંતુ (તે બેથી ભિન્ન)
ઉત્તમઃ	ઉત્તમ
પુરુષઃ	પુરુષ
અન્યઃ	અન્ય (સર્વથી અજ્ઞાત) છે (અને તે)
પરમાત્મા	પરમાત્મા (સર્વોત્કૃષ્ટ આત્મા)
ઈતિ	એમ
ઉદાહૃતઃ	(શ્રુતિઓ વગેરે વડે) કહેવાય છે.
યઃ	જે (પરમાત્મા)
લોકત્રયમ્	ત્રણે લોકમાં
આવિશ્ય	પ્રવેશીને (આવિર્ભાવ પામીને)
બિભર્તિ	સર્વને ધારણ - પોષણ કરે છે (તે બધાનું ધારણ - પોષણ કરીને પણ તેનામાં ન્યૂન-અધિકતા આવતી નથી કારણ કે)
અવ્યયઃ	તે નિર્વિકાર છે (અને તે નિર્વિકાર હોઈને પણ ધારણ કરી શકે છે કારણ કે)
ઈશ્વરઃ	તે ઈશ્વર છે (કરવાનું - નહીં કરવાનું - અન્યથા કરવાનું કરવા સર્વ સમર્થ છે).

ભાવાર્થ – પરંતુ (તે બે થી ભિન્ન) ઉત્તમ પુરુષ અન્ય (સર્વથી અજ્ઞાત છે (અને તે) પરમાત્મા (સર્વોત્કૃષ્ટ આત્મા) એમ શ્રુતિઓ વગેરે વડે કહેવાય છે. જે (પરમાત્મા) ત્રણે લોકમાં પ્રવેશીને (આવિર્ભાવ પામીને) સર્વને ધારણ-પોષણ કરે છે (તે બધાનું ધારણ-પોષણ કરીને પણ તેનામાં ન્યૂન-અધિકતા આવતી નથી કારણકે) તે નિર્વિકાર છે (અને તે નિર્વિકાર હોઈને પણ ધારણ કરી શકે છે કારણ કે) તે ઈશ્વર છે (કરવાનું - નહીં કરવાનું - અન્યથા કરવાનું કરવા સર્વ સમર્થ છે ॥ ૧૭ ॥

યસ્માત્ ક્ષરમતીતોડહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોડસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
યસ્માત્	જે કારણે - જેથી કરીને
અહં	હું
ક્ષરં	ક્ષરથી (જડ વગેરે દેહ ધર્મથી)
અતીતઃ	અતીત-પર છું
ચ	અને
અક્ષરાત્	અક્ષરથી (કૂટસ્થ ચેતનાત્મક અક્ષરથી)
અપિ	પણ

ઉત્તમઃ	ઉત્તમ (છું)
અતઃ	તેથી કરીને
લોકે	ચતુર્દશ ભુવનાત્મક લોકમાં (તેમજ)
વેદે	વેદમાં (તથા)
ચ	સૂત્ર-સ્મૃતિ વગેરેમાં
પુરુષોત્તમઃ	પુરુષોત્તમ તરીકે
પ્રથિતઃ	કહેવાયો (વિખ્યાત)
અસ્મિ	છું.

ભાવાર્થ – જે કારણે - જેથી કરીને હું ક્ષરથી (જડ વગેરે દેહધર્મથી) અતીત-પર છું અને અક્ષરથી (કૂટસ્થ-ચેતનાત્મક અક્ષરથી) પણ ઉત્તમ છું, તેથી કરીને ચતુર્દશભુવનાત્મક લોકમાં (તેમજ) વેદમાં (તથા સૂત્ર-સ્મૃતિ વગેરેમાં પુરુષોત્તમ તરીકે કહેવાયો છું - વિખ્યાત છું ॥ ૧૮ ॥

યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।
સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
ભારત	હે અર્જુન !
યઃ	જે (કોઈ વિરલો-દુર્લભ અધિકારી)
અસંમૂઢઃ	મોહ વગેરે આસુરી સ્વભાવમાં જણાવેલા દોષોથી રહિત (દઢ સંકલ્પપૂર્વક સત્યનિર્ધારણ કરવામાં ઉદ્યમશીલ વ્યવસિતમતિવાળો વ્યક્તિ)
માં	મને

એવં	આ પ્રકારે (સર્વત્ર-સર્વમાં-સર્વ સમયે - સર્વ પ્રકારે અંશ-વિભૂતિ વગેરે રૂપે અજ-અનાદિ એવો હું જ છું તેમ અનન્યભાવે)
પુરુષોત્તમં	પુરુષોત્તમને (ક્ષર-અક્ષરથી પર-ઉત્તમને)
જાનાતિ	જાણે છે
સઃ	તે (તેમ જાણનાર)
સર્વવિત્	સર્વ જાણેલો-સર્વજ્ઞ છે (અને તે)
સર્વભાવેન	સર્વાત્મભાવે
માં	મને
ભજતિ	ભજે છે.

ભાવાર્થ – હે અર્જુન ! જે (કોઈ વિરલો-દુર્લભ અધિકારી) મોહ વગેરે આસુરી સ્વભાવમાં જણાવેલા દોષોથી રહિત (દઢ સંકલ્પપૂર્વક સત્ય નિર્ધારણ કરવામાં ઉદ્યમશીલ વ્યવસિતમતિવાળો વ્યક્તિ) મને આ પ્રકારે (સર્વત્ર-સર્વમાં-સર્વ સમયે-સર્વ પ્રકારે અંશ-વિભૂતિ વગેરે રૂપે અજ-અનાદિ એવો હું જ છું તેમ અનન્યભાવે) પુરુષોત્તમને (ક્ષર-અક્ષરથી પર - ઉત્તમને) જાણે છે, તે (તેમ જાણનાર) સર્વ જાણેલો-સર્વજ્ઞ છે (અને તે) સર્વાત્મભાવે મને ભજે છે ॥ ૧૯ ॥

ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાડનઘ ।
એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
અનઘ	હે નિષ્પાપ અર્જુન
ઈતિ	આ પ્રમાણે
ઈદં	આ અધ્યાયના શ્લોક ૧ થી ૧૯ માં કહ્યા મુજબનું

ગુહ્યતમં	ગુપ્તમાં પણ ગુપ્ત (સર્વ વેદ વેદાન્ત વગેરે શાસ્ત્રોમાં છુપાયેલું અને તે બધાના સારરૂપ-જેમ છાશમાં માખણ)
શાસ્ત્રં	(શાસન ધર્મરૂપ એવું) શાસ્ત્ર
મયા	મેં (સર્વવેદાન્તવેદ્ય-વેદાન્તને કરનાર અતિકૃપાલુ એવા મેં)
ઉક્તં	(તને) કહ્યું છે, (તેથી)
ભારત	હે ભરતવંશી અર્જુન !
એતદ્	આ મુજબ
બુદ્ધ્વા	જાણીને (કોઇ પણ દૈવી જીવ)
બુદ્ધિમાન્	બુદ્ધિવાળો - શાસ્ત્રના તાત્પર્યને જાણનારો
ચ	અને
કૃતકૃત્યઃ	કૃતકૃત્ય (જે કરવા યોગ્ય છે - જે કરવું જોઇએ તે કરી ચૂકેલો)
સ્યાત્	થાય છે.

ભાવાર્થ – હે નિષ્પાપ અર્જુન ! આ પ્રમાણે આ અધ્યાયના શ્લોક ૧ થી ૧૯ માં કહ્યા મુજબનું ગુપ્તમાં પણ ગુપ્ત (સર્વ વેદ વેદાન્ત વગેરે શાસ્ત્રોમાં છુપાયેલું અને તે બધાના સારરૂપ - જેમ છાશમાં માખણ) (શાસનધર્મરૂપ એવું) શાસ્ત્ર મેં (સર્વવેદાન્તવેદ્ય-વેદાન્તને કરનાર અતિકૃપાલુ એવા મેં (તને) કહ્યું છે, (તેથી) આ મુજબ જાણીને (કોઇ પણ દૈવીજીવ) બુદ્ધિવાળો - શાસ્ત્રના તાત્પર્યને જાણનારો અને કૃતકૃત્ય (જે કરવા યોગ્ય છે - જે કરવું જોઇએ તે કરી ચૂકેલો) થાય છે ।। ૨૦ ।।

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામ પંચદશોડધ્યાયઃ ।। ૧૨ ।।